પ્રચાર પ્રસાર
જાગૃત ઉજાગર

|| સનાતન પરમો ધર્મ ||

# સનાતન ધર્મ પત્રિકા

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

This edition is for internal circulation of members of ABKKP Social Association

SOCIAL MEDIA USE ONLY

સ્થાપના: શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ નખત્રાણા-કચ્છ

સં -૨૦૮૦ | માગશર વદ - ૯ | તા.૦૫-૦૧-૨૦૨૪ | શુક્રવાર | SDP No.: 1350

MOB.:+91 7801877774, +91 7718977774 | ankasantandharmpatrika@gmail.com


# ભગવાન શ્રી રામના મોસાળ છત્તીસગઢમાં કેન્દ્રીય સમાજ અને યુવા તેમજ મહિલા કર્મઠ કાર્યકરોના આગમન.

**શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ**
**છત્તીસગઢ ઝોન, રાયપુર (છ.ગ.)**
**AKHIL BHARTIYA KUTCH KADVA PATIDAR SAMAJ, C.G. ZONE - RAIPUR**

કાર્યાલય: શ્રી પાટીદાર ભવન, બિલાસપુર રોડ, ભનપુરી, રાયપુર (છ.ગ.)-492008
OFFICE: SHREE PATIDAR BHAWAN, Bilaspur Road, Bhanpuri, Raipur (C.G.)- 492008

## કેન્દ્રીય કારોબારી સભા - સમય સારણી

તા. 5-6-7-8 જાન્યુઆરી 2024, રાયપુર (છ.ગ.)

| તા. | સમય | કાર્યક્રમ | સ્થાન | કાર્યક્રમ વિવરણ |
|---|---|---|---|---|
| 05/01/2024 | બપોરે 11.30 થી 1.00 વાગ્યા સુધી | બપોર નું ભોજન | પાટીદાર ભવન, ફાફાડીહ | - |
| | રાત્રી 7.00 થી 9.00 વાગ્યા સુધી | રાત્રી નું ભોજન | પાટીદાર ભવન, ફાફાડીહ | - |
| 06/01/2024 | સવારે 7.30 થી 8.30 વાગ્યા સુધી | સવાર નો નાસ્તો | પાટીદાર ભવન, ફાફાડીહ | - |
| | બપોરે 11.30 થી 1.00 વાગ્યા સુધી | બપોર નું ભોજન | પાટીદાર ભવન, ફાફાડીહ | - |
| | બપોરે 2.30 થી 3.00 વાગ્યા સુધી | ચા - પાણી | પાટીદાર ભવન, ફાફાડીહ | - |
| | બપોરે 3.00 થી સાંજે 6.00 વાગ્યા સુધી | કેન્દ્રીય ટ્રસ્ટીશ્રી અને હોદ્દેદારશ્રી ની મીટીંગ | ત્રીજો માળ, પાટીદાર ભવન, ફાફાડીહ | અપેક્ષિત સિવાય નો પ્રવેશ વર્જિત રહેશે |
| | સાંજે 5.00 વાગ્યા થી | ચા - પાણી - નાસ્તો | પાટીદાર ભવન, ફાફાડીહ | - |
| | રાત્રી 7.00 થી 8.30 વાગ્યા સુધી | રાત્રી નું ભોજન | પાટીદાર ભવન, ફાફાડીહ | - |
| | રાત્રી 9.00 થી 11.00 વાગ્યા સુધી | "યુવા સંવાદ" | ત્રીજો માળ, પાટીદાર ભવન, ફાફાડીહ | હળવાસ ની પળો માં એકબીજા નો પરિચય મેળવીએ અને જ્ઞાન - ગમત સાથે સામાજિક ઉત્થાન ની પરિચર્ચા કરીએ |
| | રાત્રી કાર્યક્રમ ના પશ્ચાત | સ્વલ્પાહાર | | - |

અત્યાર સુધીમાં ૧૩૧ મોંઘેરા મહેમાન આગમન સાથે નોધણી થઈ ગયા છે.. રાયપુર પ્રચાર પ્રસાર ટીમ નું આગોતરું કર્તવ્ય તમામ ને નામ સાથે બેજ આપવાનું, પ્રચાર અને પ્રસાર ની કર્મઠ ટીમ નું આ સરાહનીય કાર્ય..

જીવંત પ્રસારણ પણ દરેક પ્રસંગ નું કરવામાં આવશે તેવો ઉત્સાહ પૂર્વક નો ભાવ રાયપુર નાં યુવાઓ દાખવશે.. સમય સાથે તાલમેલ તે આધુનિક યુવાસંઘ માં જણાય છે.

રાયપુર નાં આંગણે ઉત્સાહના રામ રામ બોલી થી સવગત સાથે આગમન નો પ્રારંભ... પ્રથમ આગમન કોલ્હાપુર થી કેન્દ્રીય ટ્રસ્ટી આદરણીય ગોપાલભાઈ ભાવાણી નું જયશ્રી રામ નાં ઉદગાર થી ઉષ્મા ભર્યું સ્વાગત.

આપણી કેન્દ્રીય સમાજના ટ્રસ્ટી ગોપાલભાઈ ભાવાણી (કોલ્હાપુર) પારિવારિક પ્રસંગ નિમીત્તે નાગપુર આવેલ એ દરમિયાન નાગપુર ખાતે પાટીદારો દ્વારા સંચાલિત ભારતી દિદી ગૌશાળાની મુલાકાત લઈ ગૌસેવાનો લાભ લીધેલ અને ધન્યતા મેળવેલ.

## સ્વામી સચ્ચિદાનંદજીને રામ મંદિર નિર્માણ સંસ્થા ટ્રસ્ટ દ્વારા

### પદ્મ વિભૂષણ સ્વામી સચ્ચિદાનંદજી ને આમંત્રણ બીજા કેકેપી સનાતની ને પણ મળ્યું આમંત્રણ

સ્વામી સચ્ચિદાનંદજી દંતાલી ને રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા નાં પ્રસંગ નું આમંત્રણ પાઠવવા મનસુખભાઈ પારસિયા, મોહનભાઈ ધોળું અને સાથે ધર્મેશભાઈ પંચાલ

આગામી ૨૨ જાન્યુઆરી નાં રોજ ઐતિહાસિક પ્રસંગ રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની પરમ પૂજ્ય સ્વામી સચિદાનંદજી પેટલાદ ને આમંત્રણ પત્રિકા આપતા રાષ્ટ્રીય સ્વંયમ સેવક સંઘના આગેવાનો અયોધ્યા મુકામે વર્ષો પૂર્વે નિર્માણ થયેલ ભગવાન શ્રીરામના ઐતિહાસિક મંદિર પુનઃ નિર્માણ નાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ આગામી ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ સમગ્ર ભારત ધામધૂમથી ઉજવવા જઈ રહેલ છે.

તે સમયના સાક્ષી રહેવા પદ્મભૂષણ મેળવનાર આપણા સૌના પ્રિય એવા પેટલાદ દંતાલી વાળા સ્વામી સચિદાનંદજી ને આપણી સમાજના નડિયાદના વતની એવા ગુજરાત ટીમ્બર મર્ચન્ટ ફેડરેશન તેમજ નડિયાદ જિલ્લા સોમિલ એસોસિએશન ના પૂર્વ પ્રમુખ અને RSS માં છેલ્લા ઘણા વર્ષોથી ખૂબ સક્રિય છે અને જેમની RSS માં ખેડા જિલ્લા પ્રચારક પ્રમુખશ્રી ની જવાબદારી છે એવા આપણા સમાજનું ગૌરવ મનસુખભાઈ પારસિયા, નડિયાદ તેમની સાથે કેન્દ્રીય શ્રીસમાજ ના મંત્રી અને કેન્દ્રીય યુવાસંઘના સલાહકાર મોહનભાઈ ધોળુ પેટલાદ, તેમજ પેટલાદ શહેરના RSS માં ખૂબ સક્રિય અને રાજકીય આગેવાન ધર્મેશભાઈ પંચાલ (ભૂરાભાઈ) પૂજ્ય સ્વામી સચિદાનંદજી ને અયોધ્યા રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની આમંત્રણ પત્રિકા અર્પણ કરવાનું સૌભાગ્ય મેળવ્યું અને નિભાવ્યું.

ગત રોજ સ્વામીજી સાથે રામ મંદિર બાબતે આયોજન તેમજ અન્ય ઐતાહિસિક બાબતો પર ચર્ચાઓ થઈ ખૂબ જ્ઞાન સાથે જાણવાની મજા આવી. 93 વર્ષની ઉંમરે પણ સચિદાનંદ સ્વામીજી ખૂબ ઉત્સાહિત છે.

અયોધ્યા ચોક્કસ હાજર રહી પ્રોગ્રામ માં હું સહભાગી બનીસ તેવું તેઓએ ઉત્સાહ પૂર્વક જણાવેલ.આટલી ઉંમરે પણ સ્વામીજી ના સ્વભાવમાં તેમજ પોતાની લાઈફમાં દૈનિક ક્રિયા માં કોઈ ફેરફાર નથી તે જાણી આનંદ થયો તેમને જોઈ આપણે સૌએ જીવન કેમ જીવવું તે વિચારવા જેવું છે, મનસુખભાઈ ને vip અને vvip ને આમંત્રણ આપવાની જવાબદારી સંસ્થાએ આપી છે.

ગુજરાત અને સૌરાષ્ટ્ર એમ બે વિભાગ છે RSS માં તેમાં ગુજરાત વિભાગ છે તેમાં બે જિલ્લાની જવાબદારી છે મનસુખભાઈ ની આમંત્રણ આપવાની ફરજ માં આવે છે. ઐતિહાસિક ભગવાન શ્રી રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ની પુરી જાણકારી ભાઈશ્રી મનસુખભાઈ પારસિયા તરફથી સ્વામીજીને આપવામાં આવી

અયોધ્યા મુકામે 22 જાન્યુઆરી એ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવા માં આવશે તેની સાથે સાથે આપણે સૌ સનાતની જ્ઞાતિજનોની પવિત્ર ફરજ છે સાથે મળી ભારતભરમાં ઉત્સાહ સાથે 22 જાન્યુઆરી ના રોજ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરી ધામધૂમથી ઉજવીયે અને ઐતિહાસિક ભગવાન શ્રી રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ને ઉજવીયે..

જયશ્રી રામ - મોહનભાઈ ધોળું, પેટલાદ

## સનાતની કચ્છ કડવા પાટીદાર નાં કર્મઠ કાર્યકરો ને અયોધ્યા નું આમંત્રણ

આવનાર ૨૨ જાન્યુઆરી નાં પ્રસંગે ગાંધીનગર સનાતન સમાજ ના અગ્રણી દિલીપભાઈ સેંધાણી જેઓ બલરામ મંદિર નિર્માણ કરવામાં તન મન અને ધન થી સહયોગ કરેલ છે અને વિશ્વ હિન્દુ પરિસદ માં પણ અગ્રીમ સેવા આપી રહ્યા છે.

દિલીપભાઈ સેંધાણી યુવાસંઘ માં પણ ઉત્સાહ પૂર્વક સદા કેન્દ્રીય ટીમ માં સેવા આપી રહ્યા છે. તેમના યુવા નાના ભાઈ એવા ભરત સેંઘાણી હાલ મુંબઈ રીજીયન માં ચેરમેન ભૂમિકા અદા કરે છે..આવાજ એક કર્મઠ વ્યક્તિત્વ સુરત નાં આવનાર ૨૨ જાન્યુઆરી નાં પ્રસંગે ગાંધીનગર સનાતન સમાજ ના અગ્રણી દિલીપભાઈ સેંધાણી, જેઓ બલરામ મંદિર નિર્માણ કરવામાં તન મન અને ધન થી સહયોગ કરેલ છે અને વિશ્વ હિન્દુ પરિસદ માં પણ અગ્રીમ સેવા આપી રહ્યા છે. દિલીપભાઈ સેંઘાણી યુવાસંઘ માં પણ ઉત્સાહ પૂર્વક સદા કેન્દ્રીય ટીમ માં સેવા આપી રહ્યા છે.

તેમના યુવા નાના ભાઈ એવા ભરત સેંઘાણી હાલ મુંબઈ રીજીયન માં ચેરમેન ભૂમિકા અદા કરે છે..

આવાજ એક કર્મઠ વ્યક્તિત્વ સુરત નાં રમણલાલ પોકાર જેઓ કચ્છ માં જિયાપર નાં અભ્યાસ માં ટેકનોક્રેટ અને હાલ તેઓ વાસ્તુ નિષ્ણાત ની સ્વેચ્છિક સેવા આપે છે. તેઓની પણ



દિલીપભાઈ સેંધાણી, ગાંધીનગર જેઓ રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા માં ઉપસ્થિત રહેશે..



રમણભાઈ પોકાર, વાસ્તુ નિષ્ણાત સુરત ને મળ્યું આમંત્રણ

ભૂમિકા મંદિર નિર્માણ તેમજ અનેક સરકારી રાષ્ટ્રીય સ્મારક તેમજ મંદિર નિર્માણ માં વાસ્તુ શાસ્ત્ર નાં સલાહકાર તરીકે રહે છે. તેઓ ને પણ રામ મંદિર નિર્માણ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નું આમંત્રણ મળ્યું છે અને તેઓ પણ સનાતની ગૌરવ સાથે આ પ્રસંગે ઉપસ્થિત રહેશે...

આપણે સહુ અભિનંદન પાઠવીએ સર્વ કર્મઠ કાર્યકરો જેઓએ કર્મ થકી સમાજ નું ગૌરવ વધાર્યું છે .મનસુખભાઈ પારસિયા નડિયાદ જેઓ vvip ને પત્રિકા આપવાની ફરજ અદા કરે છે તેઓ ને પણ આપને અત્રે થી બિરદાવી ને અભિનદન પાઠવીએ...

પ્રચાર અને પ્રસાર સમીતી શ્રીસમાજ આવા રામ મંદિર નિર્માણ માં જનાર તમામ વ્યક્તિઓ ને અભિનદન પાઠવે છે..

## શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ

### શ્રી દક્ષિણ મહારાષ્ટ્ર ગોવા રીજીયન તેમજશ્રી દક્ષિણ મહારાષ્ટ્ર ગોવા ઝોન મહિલા સંઘ

**DMG રીજીયન ની નવીનતમ પ્રસ્તુતિ Team Yuva Utkarsh અંતર્ગત**
**Specially For KKP Womens**

નારી સશક્તિકરણ અને એમનામાં રહેલી અનેક પ્રતિભાઓ ને પરખી નિખારવા એમના જીવનમાં નવી ઉમંગોના સંચાર, ઉત્સાહ સાથે જીવન ને આનંદમય બનાવવા મહિલા ઉત્કર્ષ માટે યુવા ઉત્કર્ષ સમિતિનો એક નાનો પ્રયાસ...

વંદન.. આશાઓં કી નઈ ઉડ़ાન...

બે દિવસીય કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું છે. 24th - 25th February 2024 @ પાટીદાર ભવન વઠાર, કોલ્હાપુર આ પ્રોગ્રામ માં ABKKP સનાતન સમાજના ભારતભર ના કોઈ પણ રીજીયન માંથી વિવાહિત મહિલા (47 વર્ષ વય મર્યાદા સુધી) ભાગ લઈ શકશે.

**માર્ગદર્શક વક્તાઓ**
નટવરભાઈ સામાણી
મૌલિકભાઈ સોની
નર્મદાબેન સેંઘાણી
રસીલાબેન પોકાર વંદન..

આ પ્રોગ્રામ મા મર્યાદિત સીટ હોવાથી પહેલા આવો પહેલા પાવો.. ના આધારે પ્રવેશ આપવામાં આવશે.

કાર્યક્રમની શરૂઆત 24/02/2024 ના સવારના 9.00 કલાકે કરવામાં આવશે અને કાર્યક્રમનું સમાપન 25/02/2024 ના સાંજના 5.00 કલાકે કરવામાં આવશે.

રજિસ્ટ્રેશન ફી માત્ર : 1500/- રજીસ્ટ્રેશન અને વધુ જાણકારી માટે સંપર્ક :-

યુવા ઉત્કર્ષ કન્વીનર- મોહનભાઈ ઠાકરાણી 9420738309

Parshuram PDO હર્ષાબેન ઠાકરાણી 9421212966

Mahalaxmi PDO ગૌતમ નાકરાણી 9730593306K

rishna PDO રુપેશ નાકરાણી 9421125718

DMG રીજીયન ટીમ યુવા ઉત્કર્ષ..

## વેલાણી વાસાણી સનાતન પરિવાર જોગ



જય શ્રી વેલા દાદા.. વાલા દાદા..
જય શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન.. જય શ્રી ઉમિયા માતાજી...

આપણા સૌ પરિવાર જનો ને નવા વર્ષની શુભેચ્છા સાથે શુભકામનાઓ..આપણા વેલાણી વાસાણી સનાતન પરિવારની મિટિંગ તા.૧૦-૦૧-૨૦૨૪ બુધવારના સવારે ૯.૦૦ કલાકે આઈ સતિ માનબાઈ માતાજી ના મંદિરે રાખવામાં આવેલ છે.

આ અતિ અગત્ય ની મિટિંગ માં આપ સર્વે ભાઈઓ બહોળી મોટી સંખ્યા માં સમયસર પધારશો એવી નમ્ર વિનંતી સાથે જય શ્રીરામ.. રામ રામ..

નોંધ : મિટિંગ પુર્ણ થયા બાદ બપોરના ભોજન સૌ સાથે લઈશું.

શ્રી ગંગારામભાઈ વાસાણી, છ.સંભાજીનગર. પ્રમુખ
શ્રીવેલાણી વાસાણી સનાતન પરિવાર તથા સમગ્ર કારોબારી

## પક્ષીઓ પ્રત્યે પ્રેમ દર્શાવવાનો દિવસ એટલે 05 જાન્યુઆરી, રાષ્ટ્રીય પક્ષી દિવસ

સમગ્ર વિશ્વમાં લુપ્ત થતી પક્ષીઓની પ્રજાતિના રક્ષણ અને સંરક્ષણ માટે લોકોને માહિતગાર કરવા તથા જંગલી અને પાળેલા પક્ષીઓને બચાવવાના અભિયાન તરીકે પક્ષીઓ પ્રત્યે પ્રેમ દર્શાવવાનો દિવસ રાષ્ટ્રીય પક્ષી દિવસ...

સમગ્ર વિશ્વમાં લુપ્ત થતી પક્ષીઓની પ્રજાતિના રક્ષણ અને સંરક્ષણ માટે લોકોને માહિતગાર કરવા તથા જંગલી અને પાળેલા પક્ષીઓને બચાવવાના અભિયાન તરીકે દર વર્ષે 05મી જાન્યુઆરીના રોજ "રાષ્ટ્રીય પક્ષી દિવસ" ઉજવવામાં આવે છે. આ દિવસની ઉજવણી પર્યાવરણીય મુદ્દાઓ વિશે જાગૃતિ લાવવા તથા લુપ્ત થવાના આરે રહેલા પક્ષીઓનું અસ્તિત્વ જાળવી શકાય તે માટે પ્લેટફોર્મ અને તક પૂરી પાડે છે.

પક્ષીઓ પર્યાવરણ માટે કેટલા જરૂરી છે તેની જાણકારી લોકોને આપવામાં આવે છે.

## ભુજ શ્રી પાટીદાર કન્યા વિદ્યાલય અને છાત્રાલયનો વાર્ષિકોત્સવ -૨૦૨૪ ની ઉજવણી અંતર્ગત માહિતી....

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ સંચાલિત
પાટીદાર કન્યા વિદ્યાલય - છાત્રાલય
ભુજ - કચ્છ

હાર્દિક નિમંત્રણ

વાર્ષિકોત્સવ - ૨૦૨૪

શ્રીમાન .....

શ્રી પાટીદાર કન્યા વિદ્યાલય અને છાત્રાલયનો વાર્ષિકોત્સવ
તા. ૧૧/૦૧/૨૦૨૪ ગુરુવારના સવારે ૮:૩૦ કલાકે ટાઉન હોલ ખાતે યોજાશે.
આ સમારંભમાં ઉપસ્થિત રહેવા આપને ભાવભર્યું નિમંત્રણ પાઠવીએ છીએ.

અધ્યક્ષ સ્થાન
પ્રો. (ડૉ.) કે. વી. પાટીદાર
ચેરમેનશ્રી, પાટીદાર કન્યા વિદ્યાલય અને છાત્રાલય શિક્ષણ સમિતિ

મુખ્ય મહેમાનશ્રી
શ્રી કેશુભાઈ પટેલ
ધારાસભ્યશ્રી, ભુજ વિધાનસભા વિસ્તાર

અતિથિ વિશેષશ્રી
શ્રી રાજેશભાઈ દિવાણી — ઉપપ્રમુખ, કેન્દ્રીય સમાજ
ડૉ. પ્રેમજીભાઈ ધોવારી — ટ્રસ્ટી, કેન્દ્રીય સમાજ

:: નિમંત્રક ::
પાટીદાર કન્યા વિદ્યાલય અને છાત્રાલય શિક્ષણ સમિતિ

સમારંભ પ્રસંગે યોજેલ સ્વરુચિ ભોજનમાં સહભાગી થવા નિમંત્રણ છે.
(ભોજન સમારંભનું સ્થળ : પાટીદાર કન્યા વિદ્યાલય અને છાત્રાલય)

## PM નરેન્દ્ર મોદીએ લક્ષદીપની મુલાકાત લીધી, દરિયામાં સ્નોકલીંગ કરી જળચર સૃષ્ટિને નિહાળી

## સાપુતારામાં ગમખ્વાર અકસ્માત : લાકડા ભરેલી ટ્રક નીચે ગાંધીનગર પાસિંગની ક્રેટા કાર દબાઈ

**ચાર લોકોના ઘટના સ્થળે મોત, એક વ્યક્તિ ઈજાગ્રસ્ત, અકસમાતની જાણ થતાં પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી**



વિશ્વ ઉમિયાધામ
જાસપુર - અમદાવાદ

આસ્થા, એકતા અને ઊર્જાનું ધામ, વિશ્વ ઉમિયાધામ
સુરત શહેર સંગઠન દ્વારા આયોજીત

Vishv UMIYA Foundation

વસ્ત્રદાન

આધ્યાત્મિક ચેતનાને ઉજાગર કરવાના સંકલ્પ સાથે વિશ્વ ઉમિયાધામ - જાસપુર, અમદાવાદ મુકામે વિશ્વના સૌથી ઉંચામાં ઉંચા "નવમી અજાઝબી" સમા મંદિરનું નિર્માણ થઈ રહેલ છે. મંદિરના નિર્માણ સાથે ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક પ્રવૃત્તિઓના સરવાળા થકી સંગઠીત, શિક્ષિત અને સંવેદનશીલ સમાજ નિર્માણ સાથે સમાજના જરૂરિયાતમંદ પરિવારોને તમામ ક્ષેત્રે મદદરૂપ થવાના અભિયાન સાથે સંસ્થા કાર્યરત છે. માનવ જીવનમાં પરોપકારનું બહુ જ અનેરું મહત્વ છે.

જેને લક્ષમાં રાખીને વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - સુરત સેપ્ટર દ્વારા સેવાકીય વસ્ત્રદાનનું આયોજન કરેલ છે. પરિવારમાં સભ્યોના જુના તેમજ નવા વસ્ત્રો જેમ કે, (પેન્ટ, શર્ટ, ડ્રેસ, સાડી...) દાન પેટે સંસ્થાને અર્પણ કરશોજી. જેનો સહર્ષ સ્વીકાર કરી સેવા વસ્તી તેમજ આદિવાસી વિસ્તારમાં જરૂરિયાતમંદ પરિવારોને વિતરણ કરવાની વ્યવસ્થા કરવામાં આવશે. આપ સર્વે શહેરમાં વસતા આત્મીયજનોને વિનંતી છે કે આ સત્કાર્યમાં આપનું યોગદાન નીચે મુજબના સેન્ટર ઉપર સ્વીકારવામાં આવશે.

તા. ૦૬-૦૧-૨૦૨૪ શનિવાર થી ૧૦-૦૧-૨૦૨૪, બુધવાર
સમય : સવારે ૯ થી ૧૨, બપોરે ૪ થી ૭ કલાકે

વસ્ત્રદાન સ્વીકારવાનું સ્થળ

| | | | |
|---|---|---|---|
| 1 | VUF - સુરત કાર્યાલય - ૧૧૮ પહેલો માળ, મેગ્નસ સોપીંગ મોલ, મલ્હાર સ્ટોરની ઉપર, અલથાણ, સુરત | શ્રી કમલેશભાઈ | 98251 47052 |
| 2 | વિશ્વાસ ભવન, ઉમિયાધામ - વરાછા રોડ | શ્રી રાજુભાઈ કોલડી<br>શ્રી વિક્રમભાઈ માતરીયા | 98257 63254<br>98251 47314 |
| 3 | ઉમાપુરમ - ડીંડોલી | શ્રી ભરવાનભાઈ<br>શ્રી મહુલાભાઈ | 98791 00789<br>98791 34501 |
| 4 | ઉમિયા માતાજી મંદિર - બાંદેના | શ્રી રાજુભાઈ<br>શ્રી રમેશભાઈ | 98255 72991<br>98251 23424 |
| 5 | ઉમાધામ - બમરોલી | શ્રી સોહમભાઈ | 93777 20725 |
| 6 | કચ્છ ક. પા. સમાજ ઉમાભવન - ખટાર | શ્રી સંજયભાઈ<br>રસિકભાઈ | 98241 79787<br>94268 74453 |
| 7 | કચ્છ ક. પા. સમાજ સેકમ્ય ભવન - ઉધના | શ્રી ગોવિંદભાઈ<br>શ્રી રસિકભાઈ | 99250 41976<br>94268 74453 |
| 8 | કચ્છ ક. પા. સમાજવાડી - બેસ્તાન | શ્રી સુરેશભાઈ | 98250 87603 |
| 9 | અમીધારા વાડી - અડાજણ | શ્રી રસિકભાઈ | 98245 11115 |
| 10 | અમીકુંજ વાડી - જહાંગીરપુરા | શ્રી રસિકભાઈ | 98245 11115 |
| 11 | ઉમાસેવા સંગઠન-જી/૧૯, પ્લેટિનમ પ્લાઝા, નવજીવન, સર્કલથી વી.ટી.નગર રોડ, સરથાણા, જકાતનાકા | શ્રી પ્રવિણભાઈ ભેંસદડિયા | 99251 36309 |
| 12 | અમર જ્વેલર્સ, ABC સર્કલની બાજુમાં, મિલન હાઈટ્સ, સામે, મોટા વરાછા | શ્રી જીન્નેશભાઈ પાયત | 91066 48300 |
| 13 | તરૂણ ચશ્માઘર, ગાર્ડ મિલન એપાર્ટમેન્ટ,સુદામા ચોક, મોટા વરાછા | શ્રી જીતુભાઈ | 96386 86080 |
| 14 | ઉમિયા ટાઈલ્સ, વીસપ્યાર સર્કલ, વરાછા | શ્રી પર્વેશભાઈ ગઢસ | 98259 30103 |

: આયોજક :
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - સુરત
Surat Off. : 118, 1st Floor, Megnas Shoping Mall, Above Malhar Super Store, Nr. Atlanta Mall, Althan, Surat. (M.) 99250 38586, 91069 44872
Central Off : Vishv Umiyadham, Opp. Vaishnodevi Temple, S.G. Highway - Jaspur - Ahmedabad-21
Mob. : 7202080 222 / 333 | www.vishvumiyafoundation.org | email : contact@vishvumiyafoundation.org | Reg.No.A/4445/Ahmedabad

## લગ્નોમાં દેખા દેખીના રવાડે ચડી ઘણા પરિવારો દેવેદાર બની રહ્યા છે...



આને કહેવાય કે હાથે કરીને છીર્ લેવું... "લાંબા ભેગો ટૂંકો જાય, મરે નહિ તો માંદો થાય." વગર વિચાર્યે ખર્ચો કરી નાખે, પછી ખાનગીમાં વ્યાજ ભરતો થાય. નવડા મળે નહિ ત્યારે ભૂવા પાસે દોડતો થાય. ભૂવો કહે કે તમારી બહેન કે ભાઈએ કાવતરું કર્યું છે. કાવતરા ની વિધિના બહાને ભૂવો લૂંટવા માંડે. નાણાં ધિરવા વાળા કડકાઈ કરે. પછી ધંધો, દુકાન, મકાન વેચવું પડે. પછી ના કહેવાય ને ના સહેવાય, ..... ના ડાંભ બતાવે કોણ...?

હાલમાં ઘણી સમાજમાં લગ્નમાં મોટા મોટા ખર્ચ કરવામાં આવી રહ્યા છે ત્યારે લગ્ન દરમિયાન લગભગ એવા કેટલાય સમાજના પરિવારો છે જે દસ લાખ રૂપિયાથી વધુ ખર્ચો કરે છે. જેમાં દેખાદેખીના કારણે નાના પરિવારો પણ લગ્નમાં ખર્ચો કરી દેવામાં ડૂબી રહ્યા છે.

લગ્નમાં મંડપ, જમણવાર, ફોટોગ્રાફી, ગાડીઓ પાછળ અઢળક રૂપિયા ખર્ચે લોકોને દેખાડવામાં આવી રહ્યું છે..આવા લોકોના લીધે નાના પરિવારના લોકો અત્યારે દેવું કરી ખર્ચ કરતા હોય છે જેમાં ભપકાદાર લગ્નમાં લોકોએ ખુબ ખર્ચા કરવા પડતા હોય છે.

જેમાં મોટા મોટા ખર્ચાને લીધે લગ્નમાં લોકોએ દસ લાખ થી વધુ ખર્ચ કરી દેવામાં ડૂબી જાય છે અને આવનારી પેઢી ઓ ઉપર દેવું પડતું હોય છે.

**લગ્નમાં મોટા મોટા ખર્ચ થતા લોકો દેવામાં ડૂબે છે** લગ્નમાં પૈસા દાર લોકોના ખર્ચાને લીધે લોકો ભપકા દાર લગ્ન કરી મોટા મોટા ખર્ચ કરવામાં આવતો હોય છે ત્યારે નાના વર્ગના લોકો દેખા દેખીમાં પણ લગ્ન પ્રસંગે દસ લાખ ઉપરાંત ખર્ચો કરી દેવામાં ડૂબવાની ઘટનાઓ બની છે જે દેવામાં નીકળવામાં ખૂબ તકલીફ પડતી હોય છે અને જેમાં દેવેદાર બની જતા હોય છે. જે લોકોએ ચેતવાનું જરૂર છે...

## અવસાન નોંધ

તારીખ 4/1/2024

સ્વઃ દેવકીબેન જીવરાજભાઈ પોકાર
ઉમર વર્ષ :79,કચ્છમાં ગામ કાદીયા મોટા
હાલે એલ.બી.નગર, હૈદરાબાદ

સ્વઃ ધનજીભાઈ ગોવિંદભાઈ સેંઘાણી
(મંગલ દાદા) ઉમર વર્ષ :74
કચ્છમાં ગામ રાજપર (MDV) (સ્થાનિક)

સ્વઃ જગદીશભાઈ ગોવિંદભાઈ પોકાર
ઉમર વર્ષ :46, કચ્છમાં ગામ લુડવા
હાલે ડોમ્બીવલી (મુંબઈ)


**H.K. DOORS**
HK DOORS
First IMPRESSION of your HOUSE
BEAUTIFUL AND STRONG DOORS FOR YOUR HOME
TERMITE-RESISTANT | FIRE-RESISTANT | DURABLE

HEAD OFFICE
Sri Narayan Timber, Survey No. 186/187, Plot No. 7,8,9, Chudva Gandhidham - 370201, Kutch, Gujarat - India.
Hareshbhai Rudani - Mo. +91 99791 57883

BRANCH OFFICE
1. DHARWAD - KARNATAKA
Kishorbhai - Mo. +91 94826 95508
2. HYDERABAD - TELANGANA
Bhaveshbhai - Mo. +91 78934 59459
3. CHENNAI - TAMILNADU
Vivekbhai - Mo. + 91 98843 12266
Janakbhai - Mo. +91 98413 88663
4. VIJAYWADA - ANDHRA PRADESH
Rajeshbhai - Mo. +91 78428 05202
5. MARGAO - GOA : Kirtibhai - Mo. +91 70202 74705

KishorBhai Rudani: 9979352929
**H.K. TIMBER PVT. LTD.**
TIMBER IMPORTER AND ORDER SUPPLIERS
HEAD OFFICE
Survey No. 186/187 Plot No. 6
Gandhidham - 370 201, Kutch, Gujarat - India.

**PRAMUKH ENTERPRISE**
EXPOTER AND TIMBER IMPORTER
HEAD OFFICE
Flat No. 3, Ground Floor, Plot No. 26, Sector - 3, Matru Chhaya Appartment, Gandhidham Kutch, Gujarat - 370 201.
Bharatbhai Rudani - Mo. +91 99791 57884

**H.K. FRUITS**
HEAD OFFICE
45, Gopalnand Chock, Gunatitpur, Kumbharadi, Kutch, Gujarat - 370 140.
Jagdishbhai Rudani - Mo. + 91 99254 98648
Dhirajbhai Rudani - Mo. + 91 99784 49205

પત્રવ્યવહાર : ૫૦૧– ૫૦૪, પાંચમો માળ,નરોડા બિઝનેસ હબ કોમ્પલેક્ષ, નરોડા–દહેગામ રોડ,એસ.પી.રિંગ રોડ પાસે,નરોડા–અમદાવદ. ૩૮૨૩૩૦. મો. ૭૮૦૧૮૭૭૭૭૪